# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૬ તા. ૧૩.૦૪.૨૦૧૯

-----------

**રશિયાનો સર્વોચ્ચ નાગરિક સન્માન એવોર્ડ મેળવનાર**
**આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવતા**
**રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી**

-----------

**છેલ્લા છ મહિનામાં ચાર ઈન્ટરનેશનલ એવોર્ડ મેળવીને આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ**
**ફક્ત ગુજરાતનું જ નહીં પરંતુ દેશનું ગૌરવ સમગ્ર વિશ્વમાં વધાર્યું છે.**
**- મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**આતંકવાદની સમસ્યા હોય, પર્યાવરણની સમસ્યા હોય, જળની સમસ્યા હોય, ભ્રષ્ટાચારની સમસ્યા હોય, ગરીબીની સમસ્યા હોય, "સમસ્યા અનેક, ઉકેલ માત્ર એક શ્રી નરેન્દ્ર મોદી" એ વિશ્વાસ સાથે આજે સમગ્ર વિશ્વ શ્રી નરેન્દ્રભાઈ મોદી સામે આશા ભરી નજરે જોઈ રહ્યું છે - શ્રી જીતુભાઈ વાઘાણી**

-----------

ગુજરાત રાજ્યના સંવેદનશીલ આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને ગુજરાત ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ ગુજરાતના પનોતાપુત્ર અને હિન્દુસ્તાનના હૃદય સમ્રાટ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને રશિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન "સેન્ટ એન્ડ્ર્યુ ધ એપોસ્ટલ" એવોર્ડથી નવાજવામાં આવ્યા તે બદલ અભિનંદન પાઠવ્યા હતા.

અભિનંદન આપતા શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, રશિયાનો આ સર્વોચ્ચ નાગરિક સન્માન મેળવનાર આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી હિન્દુસ્તાનના પ્રથમ વડાપ્રધાન છે. શ્રી નરેન્દ્રભાઈએ ફક્ત ગુજરાતનું જ નહીં પરંતુ સમગ્ર હિન્દુસ્તાનનું વિશ્વમાં ગૌરવ વધાર્યું છે. તે એક ગુજરાતી તરીકે આપણાં માટે સવિશેષ ગૌરવ અને આનંદની વાત છે. શ્રી નરેન્દ્રભાઈ હિન્દુસ્તાનના નહીં પરંતુ વૈશ્વિક નેતા તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યા છે. જાતિ, રંગ, વર્ણથી ઉપર ઉઠીને સમગ્ર વિશ્વ માટેની "વસુધૈવ કુટુંબકમ્"ની શ્રી નરેન્દ્રભાઈની નીતિને સમગ્ર વિશ્વે સ્વીકાર કર્યો છે.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વભરમાં વસતા ભારતીયોનું ગૌરવ તથા સન્માન વધાર્યુ છે. આતંકવાદની સમસ્યા હોય, પર્યાવરણની સમસ્યા હોય, જળની સમસ્યા હોય, ભ્રષ્ટાચારની સમસ્યા હોય, ગરીબીની સમસ્યા હોય, "સમસ્યા અનેક, ઉકેલ માત્ર એક શ્રી નરેન્દ્ર મોદી" એ વિશ્વાસ સાથે આજે સમગ્ર વિશ્વ શ્રી નરેન્દ્રભાઈ મોદી સામે આશા ભરી નજરે જોઈ રહ્યું છે. એટલે જ ફક્ત રશિયા જ નહીં છેલ્લાં ૦૬ મહિનામાં ૦૪ ઈન્ટરનેશનલ એવોર્ડથી આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને નવાજવામાં આવ્યા છે. થોડા સમય પહેલા જ સંયુક્ત આરબ અમીરાત દ્વારા શ્રી નરેન્દ્રભાઈ મોદીને ત્યાંના સર્વોચ્ચ નાગરિક સન્માન "ઝાયેદ એવોર્ડ"થી નવાજવામાં આવ્યા હતા. આ વર્ષે ફેબ્રુઆરીમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીને દક્ષિણ કોરિયા તરફથી "સીઓલ શાંતિ એવોર્ડ" આપવામાં આવ્યો હતો. આ સન્માન મેળવનાર પણ તેઓ પ્રથમ ભારતીય હતા. પર્યાવરણની જાળવણી માટે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને સંયુક્તરાષ્ટ્ર દ્વારા "ચેમ્પિયન્સ ઓફ અર્થ"નો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૭ તા. ૧૩.૦૪.૨૦૧૯

-----------

**ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીનો ભાવનગર લોકસભા વિસ્તારમાં ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર.**

-----------

**ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ૧૫-ભાવનગર લોકસભા વિસ્તારના ભાજપાના ઉમેદવાર શ્રીમતી ડૉ. ભારતીબેન શીયાળના ભાવનગર પૂર્વ વિસ્તારમાં વડવા બી-વોર્ડ ખાતે મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કર્યુ હતુ.**

-----------

**ભાવનગર વિધાનસભા વિસ્તારના વડવા બ-વોર્ડ ખાતે લોકસંપર્ક તેમજ ભવ્ય રોડ-શોમાં વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓની હાજરીમાં શ્રી વાઘાણીએ લોકોનું અભિવાદન ઝીલ્યું હતુ.**

-----------

**શ્રી જીતુભાઇ વાઘાણીએ ભાવનગર નગર પશ્ચિમ વિસ્તારમાં ટીંબી-ઉમરાળા તેમજ વરતેજ ખાતે પેજપ્રમુખ બેઠકમાં કાર્યકર્તાઓ તેમજ આગેવાનોને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપ્યું હતું.**

-----------

**દેશની સુરક્ષા અને સલામતી માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી આતંકવાદનો સફાયો કરવા મરજીવા બનીને નીકળ્યા છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ૧૫-ભાવનગર લોકસભા વિસ્તારના ભાજપાના ઉમેદવાર શ્રીમતી ડૉ. ભારતીબેન શીયાળના ભાવનગર પૂર્વ વિસ્તારમાં મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કર્યુ હતુ.

ત્યારબાદ ભાવનગર વિધાનસભા વિસ્તારના વડવા બ-વોર્ડ ખાતે લોકસંપર્ક તેમજ ભવ્ય રોડ-શોમાં વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓની હાજરીમાં શ્રી વાઘાણીએ લોકોનું અભિવાદન ઝીલ્યું હતુ.

આ પ્રસંગે ભાવનગર લોકસભાના ઉમેદવાર શ્રી ભારતીબેન શિયાળને વિવિધ સમાજના આગેવાનશ્રીઓ અને જનતાનું પ્રચંડ સમર્થન મળ્યું.

શ્રી વાઘાણીએ ટીંબી-ઉમરાળા ખાતે પેજ પ્રમુખશ્રીઓની સભા સંબોધતાં જણાવ્યુ હતુ કે, આજે કાર્યકરોની અથાગ મહેનતથી ભાજપાની પ્રતિભા ઉજ્જવળ બની છે અને વિશ્વની સૌથી મોટી લોકતાંત્રિક પાર્ટી બની ઉભરી છે. દેશની સુરક્ષા અને સલામતી માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી આતંકવાદનો સફાયો કરવા મરજીવા બનીને નીકળ્યા છે, ત્યારે ભાજપાના તમામ કાર્યકરો પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી ભાવનગર લોકસભાના ઉમેદવાર શ્રી ભારતીબેન શિયાળને જંગી બહુમતીથી વિજયી બનાવી ભારતવાદ અને વિકાસવાદને વરેલા શ્રી ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદી પુનઃપ્રધાનમંત્રી બને અને ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર ભાજપાનો ભવ્ય વિજય માટે સંકલ્પબદ્‌ધ બનીએ.

શ્રી વાઘાણીએ વરતેજ ખાતે પેજપ્રમુખ બેઠકમાં સંબોધન કરતા જણાવ્યુ હતુ કે, ભાજપા માટે અંતિમ લક્ષ્ય સત્તા નહીં પરંતુ સેવા છે. તમામ સમાજ અને વર્ગોના સર્વાંગી વિકાસ થાય તે દિશામાં નિરંતર પ્રજાકલ્યાણના કાર્યો જ એકમાત્ર ભાજપાનું ધ્યેય છે, જ્યારે કોંગ્રેસના ગાંધી પરિવારને પોતાના અને પોતાના પરિવારના વિકાસમાં જ રસ છે. કોંગ્રેસને જનતાની સુખાકારી સાથે કાંઇ લેવાદેવા નથી. કોંગ્રેસની નકારાત્મકતા, જુઠ્ઠાણાઓ અને અપપ્રચાર સામે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના સમર્થ અને સલામત નેતૃત્વવાળી વિકાસવાદ, રાષ્ટ્રવાદ, લોકકલ્યાણકારી યોજનાઓ તેમજ ભ્રષ્ટાચારવિહિન પારદર્શક શાસનની વાત જનતા જર્નાદન સુધી પહોચાડી “ફીર એકબાર મોદી સરકાર” લાવવાની હાકલ કરી હતી.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૮ તા. ૧૩.૦૪.૨૦૧૯

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં એક પણ કૌભાંડ કે ભ્રષ્ટાચાર થયો નથી.**
**૨૦૧૪ પહેલા કોંગ્રેસના શાસનમાં ભ્રષ્ટાચારના સમાચાર દેશભરના અખબારોની હેડલાઈન બનતા હતા.**
**જ્યારે છેલ્લા પાંચ વર્ષમાં પ્રમાણિક અને ઈમાનદાર સરકારની અનુભૂતિ સૌ કરી રહ્યા છે**
**- મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન ભારતને ભ્રષ્ટાચારની સાથે જાતિવાદ અને વંશવાદથી મુક્ત કરવાનું છે.**
**તેઓ એક માત્ર વિકાસના મંત્રને અપનાવી દેશને આગળ લઈ જવા સતત પરિશ્રમ કરી રહ્યા છે**
**- મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**આઝાદીના ૭૦ વર્ષ પછી ૧૮ હજાર ગામડાઓ વીજળીથી વંચિત હતા,**
**જે ૨૦૧૪ પછી શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ઝળહળતા થયા છે - મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉરી અને પુલવામાના હુમલા બાદ કહ્યું હતું કે, જે આગ આખા દેશના દિલમાં છે તે જ આગ એમના દિલમાં પણ છે અને તેમણે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવા સર્જિકલ અને એરસ્ટ્રાઈક કરાવી જવાનોની શહાદતનો બદલો લીધો – મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

આજરોજ ગાંધીનગર લોકસભા મતવિસ્તારના સાણંદ ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની જાહેરસભા યોજાઇ હતી. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે આ વખતની ચૂંટણી ચોકીદાર અને ચોરોના ઠગબંધનની છે. જેમ દેશની સુરક્ષા માટે સીમા પર આપણા જવાનો ચોકી કરી રહ્યા છે, તેમ શ્રીનરેન્દ્રભાઈ મોદી દિલ્હીની તિજોરી પર કોંગ્રેસનો કાળો પંજો ન પડે તેની ચોકી કરી રહ્યા છે. શ્રીનરેન્દ્રભાઈના શાસનમાં એક પણ કૌભાંડ કે ભ્રષ્ટાચાર આ દેશમાં થયો નથી. ૨૦૧૪ પહેલા કોંગ્રેસના શાસનમાં ભ્રષ્ટાચારના સમાચાર દેશભરના અખબારોની હેડલાઇન બનતા હતા. છેલ્લા પાંચ વર્ષમાં પ્રમાણિક અને ઈમાનદાર સરકારની અનુભૂતિ સૌ કરી રહ્યા છે. ભ્રષ્ટાચારના સમાચાર હવે ભૂતકાળ બની ગયા છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન ભારતને ભ્રષ્ટાચારની સાથે જાતિવાદ અને વંશવાદથી મુક્ત કરવાનું છે. તેઓ એક માત્ર વિકાસના મંત્રને અપનાવી દેશને આગળ લઈ જવા સતત પરિશ્રમ કરી રહ્યા છે. આવા પરિશ્રમી નેતાને કારણે દેશનો વિકાસ ખૂબ જ તેજ ગતિથી થઈ રહ્યો છે. આઝાદીના ૭૦ વર્ષ પછી ૧૮ હજાર ગામડાઓ વીજળીથી વંચિત હતા, જે ૨૦૧૪ પછી શ્રીનરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ઝળહળતા થયા છે. શ્રીનરેન્દ્રભાઈ મોદીએ કહ્યું છે કે, ૨૦૨૨ સુધીમાં દરેક માનવીનું પોતાનું ઘર હશે. કોઈ માણસ ઘર વિહોણો નહીં હોય. લાઈટ, પાણી અને રસ્તાની સુવિધાઓ દેશના છેવાડાના ગામો સુધી આપવાનું ભગીરથ કાર્ય શ્રીનરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. જ્યારે કોંગ્રેસ માત્ર ને માત્ર વોટબેંકની રાજનીતિ કરી રહી છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




કોંગ્રેસના સમયમાં વિજય માલ્યા અને નીરવ મોદી જેવાને અબજો રૂપિયાની લોન આપવામાં આવી હતી. તેઓ બેંકોના અબજો રૂપિયા લઈને વિદેશ ભાગી ગયા, પરંતુ શ્રીનરેન્દ્રભાઈ મોદીએ આ બેંક કૌભાંડીઓના ભાગેડુઓ માટે કડક કાયદા બનાવ્યા. ભાગેડુઓની સ્થાનિક અને વિદેશી સંપત્તિઓ જપ્ત કરવામાં આવી. શ્રીનરેન્દ્રભાઈ મોદી દેશનો એક એક પૈસો પાછો લાવવા માટે કટિબદ્ધ છે.

આતંકવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિ ધરાવતા શ્રીનરેન્દ્રભાઈ મોદીએ ઉરી અને પુલવામાના હુમલા બાદ કહ્યું હતું કે, જે આગ આખા દેશના દિલમાં છે તે જ આગ એમના દિલમાં પણ છે અને તેમણે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવા સર્જિકલ અને એરસ્ટ્રાઈક કરાવી જવાનોની શહાદતનો બદલો લીધો. આ પુરવાર કરે છે કે, શ્રીનરેન્દ્રભાઈ મોદીના દિલમાં કેટલી દેશદાઝ છે. જ્યારે કોંગ્રેસના નેતાઓ અને રાહુલબાબાના ગુરુ પાકિસ્તાનની ભાષા બોલે છે. આનાથી સ્પષ્ટ દેખાઈ આવે છે કે કોંગ્રેસના નેતાઓ કેવી માનસિકતા ધરાવે છે.

શ્રી નરેન્દ્રભાઈને દુનિયાભરમાંથી જે સન્માન મળી રહ્યા છે તેનાથી દેશનું ગૌરવ વધ્યું છે. આજે દુનિયાના દેશો ભારતને સન્માનની દ્રષ્ટિથી જોવા લાગ્યા છે. કોંગ્રેસના ૫૫ વર્ષના શાસન દરમિયાન ગુજરાતને અને ગુજરાતના મહાપુરુષોને ભારોભાર અન્યાય કરવામાં આવ્યો છે. શ્રીનરેન્દ્રભાઈએ વડાપ્રધાન બન્યા પછી ગુજરાતની પ્રજા અને મહાપુરુષોને ભરપૂર ગૌરવ અપાવ્યું છે અને, આગળ પણ અપાવતા રહેશે.

આ જાહેરસભામાં પ્રદેશ અગ્રણીશ્રીઓ, જિલ્લા અધ્યક્ષશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, નગરપાલિકાના પ્રમુખશ્રી અને ભાજપાના કાર્યકર્તાઓ સાથે મોટી સંખ્યામાં સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૯ તા. ૧૩.૦૪.૨૦૧૯

-----------

**રાષ્ટ્રનું ગૌરવ તથા ભારત અને ભારતીયોના સન્માનને નવી ઉંચાઇએ પહોંચાડનાર**
**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી પુન: વડાપ્રધાન બનાવવા માટે વિદેશોમાં વસતા ગુજરાતીઓ વતનમાં પ્રચાર કાર્યોમાં જોડાયા.**

-----------

**"અબ કી બાર મોદી સરકાર"ના સુત્રોને સાર્થક કરવા ઓવરસીઝ ફ્રેન્ડ ઓફ બી.જે.પી.ની ટીમ શ્રી નરેન્દ્રભાઇ મોદીના સમર્થનમાં ગામેગામ જઇ પ્રચાર પ્રસારના કાર્યમાં જોડાશે.**

-----------

**અમેરીકા, મોરેશીયસ, કેનેડા, ઓસ્ટ્રેલીયા, યુ. કે., ન્યુઝીલેન્ડ, યુગાન્ડા, આફ્રિકા સહિતના દેશોમાંથી ૨૭૭ જેટલાં વિદેશમાં વસતા ગુજરાતીઓ ભાજપાના પ્રચાર અર્થે વતનમાં આવ્યાં.**

-----------

ભાજપા પ્રદેશ મીડિયા સેલની એક અખબારી યાદીમાં જણાવે છે કે, રાષ્ટ્રનું ગૌરવ તથા ભારત અને ભારતીયોના સન્માનને નવી ઉંચાઇએ પહોંચાડનાર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને પુન: વડાપ્રધાન બનાવવા માટે વિદેશોમાં વસતા ગુજરાતીઓ વતનમાં પ્રચાર કાર્યોમાં જોડાયા.વિદેશમાં વસતાં ૨૭૭ ગુજરાતીઓની ટીમ ભાજપાના પ્રચાર માટે ગુજરાતના જુદા જુદા સંસદીય ક્ષેત્રોમાં કામે લાગી છે. અમેરીકા, મોરેશીયસ, કેનેડા, ઓસ્ટ્રેલીયા, યુ. કે., ન્યુઝીલેન્ડ, યુગાન્ડા, આફ્રિકા જેવા દેશોમાં પણ આ બિનનિવાસી ગુજરાતીઓએ શ્રી નરેન્દ્રભાઇ મોદી માટે ચાય પે ચર્ચા, ગરબા, કોમ્યુનીટી મીટ જેવા કાર્યક્રમોનું આયોજન કરી શ્રી નરેન્દ્રભાઇ માટે પ્રચાર પ્રસારનું કામ કર્યું હતું, અને હવે તેઓ આ જ કાર્યક્રમો ગુજરાતના જુદા જુદા સંસદીય ક્ષેત્રમાં કરી રહ્યાં છે.

"અબ કી બાર મોદી સરકાર" ના સુત્રને સાર્થક કરવા ઓવરસીઝ ફ્રેન્ડ ઓફ બી.જે.પી. અમેરીકાના સેક્રેટરી શ્રી વાસુદેવભાઇ પટેલ, ન્યુઝીલેન્ડના શ્રી રીતેશ વ્યાસ, મોરેશીયસના શ્રી લાલજીભાઇ પટેલ, ઓસ્ટ્રેલીયાના શ્રી જય શાહ, યુગાન્ડાના શ્રી હિમાંશુભાઇ ધોળકીયા, અમેરીકાના મહિલા પ્રતિનિધિ શ્રીમતી અનાર મહેતા, ગ્લોબલ ઈન્ડિયનના શ્રી ગૌરાંગભાઇ વૈષ્ણવ સાથે આજે ભાજપાના પ્રદેશ કાર્યાલય ખાતે ભાજપાના પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ભાર્ગવભાઇ ભટ્ટ, ભાજપા પ્રદેશ મીડિયા વિભાગના કન્વિનર શ્રી પ્રશાંતભાઇ વાળાની વિશેષ ઉપસ્થિતીમાં ભાજપા પ્રદેશ વિદેશ વિભાગના કન્વિનરશ્રી સંજીવ મહેતાએ એક બેઠકનું આયોજન કર્યું હતું. જેમાં બિન નિવાસી ભારતીયો દ્વારા (એન.આર.જી.) દ્વારા અસરદાર પ્રચાર માટેની યોજના બનાવવામાં આવી હતી. ભાજપાના પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ભાર્ગવભાઇ ભટ્ટે ઓવરસીઝ ફ્રેન્ડ ઓફ બી.જે.પી. ની કામગીરીને બિરદાવી સૌને આવકાર આપી માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ